Sl.No. :

नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – 10

No. of Printed Pages – 7

S–73–Gujarati (T.L.)

Tear Here

# माध्यमिक परीक्षा, 2020
# SECONDARY EXAMINATION, 2020
## ગુજરાતી
## GUJARATI
### (THIRD LANGUAGE)

समय : 3¼ घण्टे

पूर्णांक : 80

प्रश्न पत्र को खोलने के लिए यहाँ फाड़ें

TEAR HERE TO OPEN THE QUESTION PAPER

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશઃ**

1) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પશ્ન કરવા ફરજિયાત છે.

3) પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

6) પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

यहाँ से काटिए

**1) નીચેનો અપઠિત ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

''વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધા વિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે, પરંતુ પરિસમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજું કર્તવ્ય જાત પર કાબૂ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય સંકલ્પ કરતો થઈ જાય, તો વિશ્વની કોઈપણ તાકત તેને અટકાવી શકે નહિ. ત્રીજું કર્તવ્ય સેવાભાવનું છે. સેવા જ્ઞાન નથી. મહાભારતના યજ્ઞપર્વમાં 'વૃદ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.' તે પ્રકારની કથા છે. વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય સાવધાન રહેવું તે છે. દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ. બુદ્ધિ સંકુચિત ન જોઈએ અને દિલ તથા દિમાગ વિશાળ કરવા જોઈએ.''

પ્રશ્નો :-

1) વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય કયું છે ? **[2]**

2) શેના વિના વિદ્યા સંભવિત નથી ? **[2]**

3) મહાભારતના યક્ષપર્વમાં કયા પ્રકારની કથા છે ? **[2]**

4) વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય કયું છે ? **[2]**

5) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. **[2]**

**2) નીચેનામાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો.** **[10]**

1) જીવનમાં રમત-ગમતનું મહત્ત્વ

2) જન સેવા એજ પ્રભુ સેવા

3) પાણી બચાવો-પ્રાણી બચાવો.

4) આદર્શ વિદ્યાર્થી

5) સિદ્ધિ એને વરે જે પરસેવે ન્હાય

6) મારો પ્રિય તહેવાર

**3)** તમારી શાળામાં યોજાયેલ ‘સ્વચ્છતા અભિયાનનો’ અહેવાલ લખો. **[5]**

**વ્યાકરણ વિભાગ**

**4)** નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો.

અ) 1) નીચેની જોડણી સુધારી ફરીથી લખો. **[1]**

i) કુતુહલ

ii) ગીરીધર

2) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. **[1½]**

i) કમળ

ii) મંદિર

iii) કાયા

3) નીચેના શબ્દોના વિરૂદ્ધાર્થી શબ્દ લખો. **[1½]**

i) આકાશ

ii) લાભ

iii) ઉદય

બ) 1) નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ લખો. **[2]**

i) પાછું વળીને જોવું

ii) ભાળ આપવી

2) સંજ્ઞા અને વિશેષણ ઓળખાવો. [1]

i) એનો ગભરુ જીવ રડી ઊઠ્યો.

ii) કતાર સાવ ધીમી ગતિએ આગળ વધતી.

3) યોગ્ય વિરામ ચિન્હો મુકી વાક્ય ફરીથી લખો. [2]

i) પિતાજી આપ નિશ્ચિંત થઈ જાઓ.

ii) તમારી પાસે પૂરું સરનામું છે

સ) 1) નીચે આપેલા વાક્યોના પ્રકાર જણાવો. [2]

i) તમને કયું ફૂલ ગમે ?

ii) આ બધું જોઈ વૃક્ષ કાપનારા અટકી ગયા.

દ) 1) નીચે આપેલી સંધિને વિચ્છેદ કરો. [2]

i) અનુપમ

ii) યથેષ્ટ

2) નીચે આપેલા સમાસનો વિગ્રહ કરો. **[2]**

i) ખેતરશેઢો

ii) માતાપિતા

**નીચેના ગદ્ય પ્રશ્નોના જવાબ લખો.**

**5)** નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (કોઈપણ ત્રણ) **[9]**

1) તાંબા પતરા પરના લખાણમાં શું જણાવેલું હતું ?

2) બાપુજી લેખક પાસે કઈ પ્રતિજ્ઞા લેવડાવે છે ?

3) રેતીમાં રહેલા ભેજને ક્યા નામે ઓળખવામાં આવે છે ?

4) ઈન્સપેક્ટરને મહાદેવની આખોમાં શું દેખાયું ?

**6)** નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (કોઈપણ બે) **[8]**

1) લેખકના 'વેલી ઑફ ફ્લાવર્સના પ્રવાસમાર્ગનું વર્ણન કરો.

2) ડૉ. બેદીના કયા ગુણોને અનુસરણ કરશો ? શા માટે ?

3) રામગઢમાં આવેલા વિશેષ ખેતરોનું વર્ણન કરો.

**7)** નીચેના પ્રશ્નોના જવાબ તમારા શબ્દોમાં લખો. (ગમેતે એક) **[3]**

1) વૃક્ષો તમને ક્યા અને કેવી રીતે ઉપયોગી થાય છે તે જણાવો.

2) તમે ભૂખ્યે પડ્યા હો ત્યારે તમને કેવી મૂંઝવણ થાય છે તેનું આલેખન કરો.

**નીચે આપેલા પદ્ય પ્રશ્નોના જવાબ લખો.**

**8)** નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (કોઈપણ ત્રણ) **[9]**

1) કવિયિત્રીએ કેવી રીતે હરિગુણ ગાયા હતા ?

2) કેવા ગુરૂ આપણને હરિના દર્શન કરાવી શકે ?

3) ભગવાન પોતાની સાથે કોને-કોને લઈને આવે છે ?

4) કવિએ સુર્યને ઠોઠ નિશાળીયો શા માટે કહ્યો છે ?

**9)** નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (ગમેતે બે) **[8]**

1) અણસમજણથી ઊભી થયેલી અનુભૂતિનું વર્ણન કરો.

2) કવિએ ફૂલોને કરેલી વિનંતીનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

3) ટ્રેન ક્યા સુધી ફાલી છે ? ટ્રેન ક્યા અને ક્યારે ખાલી થાય છે ?

**10)** નીચેનામાંથી કોઈ એક પ્રશ્નનો જવાબ તમારા શબ્દમાં લખો. **[3]**

1) તમારા ઘરની આસપાસ આવેલા મંદિરની શોભાનું વર્ણન કરો.

2) ગુરુ વિશે તમે શું માનો છો તે તમારા શબ્દોમાં જણાવો.